**કો.મુ. નં.58/2024**
**આંક–32નું સાંધણ**

**સોગંદ આપ્યા**

ઉલટ–તપાસ પ્રતિવાદી નં. 1 થી 7 તર્ફે વિ.વ.શ્રી ટી.કે.શર્મા દ્વારા ભારતીય સાક્ષ્ય અધિનિયમ,2023ની કલમ–143/2 મુજબ

મારા પરિવારમાં મારા પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. મારા બાળકો પૈકી દિકરો નોકરી કરે છે અને દિકરી પણ દુકાનમાં નોકરી કરે છે. હું હાલમાં છૂટક ધંધો અને નોકરી બંને કરુ છું. હું રાજપીપળા ખાતે પાંડોરી માતા પેટ્રોલપંપ ખાતે બેસુ છું. વાદી જણાવે છે કે છેલ્લા પાંચ દિવસથી જ જાય છે. હું જમીનનો સોદો અને છૂટક ધંધો કરુ છું. મારો દિકરો કે.એલ.જે. ઓર્ગેનીક લીમીટેડ, ઝઘડીયા, જી.ભરુચ ખાતે પ્લાન્ટમાં નોકરી કરે છે. મારા દિકરાએ એમ.એસ.સી.નો અભ્યાસ કરેલ છે. મારી દિકરીનાં લગ્ન થયા નથી. તેણી બી.એ., સેકન્ડ યરમાં ભણે છે અને પીત્ઝા શોપમાં નોકરી પણ કરે છે. હું સેકન્ડ યર, બી.કોમ. સુધી ભણેલ છું. મેં વ્યવસાયિક ક્ષેત્રમાં છેલ્લા 30 વર્ષોથી છું. હું શરૂઆતમાં કન્સ્ટ્રકશનનો છૂટક ધંધો કરતો હતો, ત્યારબાદ હું ચાલુ ધંધા દરમ્યાન પ્રિયદર્શની પેટ્રોલપંપ, અંકલેશ્વર ખાતે સને–1996થી નોકરી પણ કરતો હતો અને આ નોકરી મેં સને–2018/2019 સુધી કરેલી. આ સમય દરમ્યાન મારી માસિક આવક રૂ.50,000/– જેટલી અને વાર્ષિક આવક અંદાજીત રુપિયા છ–સાત લાખ જેટલી હતી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે હાલમાં પણ તેઓ માસિક રૂ.50–60,000/– જેટલી આવક ધરાવે છે. હાલમાં હું અંકલેશ્વર ખાતે રહુ છું. હું અંકલેશ્વર ખાતે સને–1994થી રહુ છું. હું ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છું. એ વાત ખરી છે કે આ રીટર્ન ભરતી વખતે મારે સાચી માહિતી આપવાની હોય છે. સને–2018/19માં મેં જે ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ તેમાં મેં મારી અંદાજીત આવક રૂપિયા ત્રણ–ચાર લાખ જેટલી બતાવેલી. સને–2017/18માં મારી અંદાજીત વાર્ષિક આવક છ–સાત લાખ જેટલી હતી. હું મારા છેલ્લા પાંચ–છ વર્ષનાં ઈન્કમટેક્ષ રીટર્ન રજૂ કરવા તૈયાર છું. હું સને–2015/16 થી રીટર્ન ભરુ છું અને ત્યારથી લઈ હમણા સુધીનાં આ રીટર્ન રજૂ કરવા તૈયાર છું. મારા પરિવારમાં મારી સાથે મારા પત્ની, બાળકો રહે છે અને મારા પત્ની સિવાય દરેક સભ્ય કમાય છે.

આઈ.ઓ.સી.એલ. પેટ્રોલપંપની જે જાહેરાત નીકળી હતી તેના હાલમાં માત્ર માલિક ચેતનાબેન છે. એ વાત ખરી નથી કે મારી દાવાઅરજીનાં પેરા નં.2 માં મારે જમીન માલિક રૂપસીંગભાઈ સાથે જે કરાર થયેલ હોવાનું જણાવ્યુ છે તેવો કોઈ કરાર થયો નથી. એ વાત ખરી છે કે મેં આ પુરાવો આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. વાદી સ્વેચ્છાએ આ કરાર તેમના સાઢુ મનુભાઈ પાસે છે. એ વાત ખરી છે કે જમીન માલિકો એટલે કે પ્રતિવાદી નં. 3,4નાઓએ પેટ્રોલપંપવાળી જગ્યાનો ભાડાકરાર પેટ્રોલપંપના પ્રોપરાઈટર પ્રતિવાદી નં.1 સાથે સબ–રજીસ્ટ્રાર રૂબરૂ રજીસ્ટર કરાવેલો. મારી દાવાઅરજીનો પ્રતિવાદીઓએ જે જવાબ આપ્યો છે તે મેં વાંચેલ છે. એ વાત ખરી છે કે મારી દાવાઅરજીમાં જેમની જેમની પાસેથી પ્રતિવાદી નં.1ને પેટ્રોલપંપ માટે આપવા હેતુ નાણાં લીધા હતા તે તમામ લોકોએ મને તે નાણાં આપ્યા હોય તે બાબતથી તેમના જવાબમાં ઈન્કાર કરેલ છે અને તે બાબતનો મેં મારા પુરાવાનાં સોગંદનામામાં કોઈ ખુલાસો કરેલ નથી કે તે સંબંધી કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

એ વાત ખરી છે કે સરકારમાં ઇન્કમટેક્ષ રીટર્ન ભરતી વખતે ખોટી માહિતી આપવી તે ગુનો બને છે તે હું જાણુ છું. એ વાત ખરી છે કે સને–2018/19માં મેં જે ઇન્કમટેક્ષ રીટર્ન ભર્યું તેમાં હું જય ગુરુદેવ પેટ્રોલીયમમાં નોકરી કરતો હતો અને તેની સેલેરી તરીકે મેં રૂપિયા બે લાખ પગાર લીધેલો તેવુ દર્શાવ્યુ છે. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ આ પગાર લીધો નથી ફક્ત સેલેરી તરીકે દર્શાવ્યો છે. એ વાત ખરી છે કે આ કારણથી મેં ઇન્કમટેક્ષ રીટર્ન ભરતી વખતે સરકારશ્રીમાં ખોટી માહિતી દર્શાવી છે. એ વાત ખરી છે કે મેં સને–2018/19નાં રીટર્નમાં વાર્ષિક આવક રૂ.3,61,220/– બતાવી છે. આ આવક મેં જે બતાવી તે સાચી હતી. એ વાત ખરી નથી કે આ રીતે મેં હાલમાં મારી ઉલટતપાસ દરમ્યાન સને–2018/19માં મારી વાર્ષિક અંદાજીત આવક રૂ.છ–સાત લાખ હતી તેવુ ખોટુ જણાવ્યુ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.1નાએ તારીખ 04.12.2021નાં રોજ દિવ્ય ભાસ્કર ન્યુઝપેપરમાં જાહેર નોટીસ આપેલ કે સંગાડા પ્રતાપસિંહ વરસિંહભાઇનાઓને વહીવટી કામકાજ માટે રાખેલા હતા અને જય ગુરુદેવ પેટ્રોલપંપનાં વહીવટકર્તાને આ પેટ્રોલપંપનાં કામકાજમાંથી છૂટા કરેલ છે અને પેટ્રોલપંપનાં નામે આ સંગાડા પ્રતાપસિંહ વરસિંહ જોડે કોઇએ પણ નાણાંકીય વ્યવહાર કે લેવડદેવડ કરવી નહીં. એ વાત ખરી છે કે મેં મારા પુરાવાનાં સોગંદનામામાં મેં જે જગ્યાઓએ નાણાં ખર્ચ કર્યા તેવુ જણાવ્યુ છે તે સંબંધી કોઇ પુરાવા આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં મારા પુરાવાનાં સોગંદનામામાં સદર પેટ્રોલપંપ પાછળ રૂ.1,40,94,385/–નું મૂડી રોકાણ કરેલુ તેવુ જણાવેલ છે તે સંબંધે મારી તેટલી ફાઇનાન્શીયલ કેપેસીટી હતી તે દર્શાવતો કોઇ પુરાવો આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારી પાસે આટલા નાણાંનુ રોકાણ કરવાની સક્ષમતા ન હોવા છતા અને મેં ક્યારેય પ્રતિવાદી નં.1નાં પેટ્રોલપંપમાં કોઇ મુડી રોકાણ કરેલ ન હોવા છતા હું તેમને ત્યા નોકરી કરતો હોય જેથી પેટ્રોલપંપની તથા તે પંપના વહીવટની સંપૂર્ણ માહિતી ખોટી રીતે મેળવી અને તેનાં દસ્તાવેજો ખોટી રીતે મેળવી પ્રતિવાદી નં.(1) મહિલા હોય તેને દબાવી નાણાં પડાવવા હાલનો આ ખોટો દાવો કરેલ છે.

હું મારા સને–2015/16 થી અત્યાર સુધીનાં ઇન્કમટેક્ષ રીટર્ન આવતી મુદ્દત તારીખ સુધી રજૂ કરવા તૈયાર છું.

વધુ ઉલટતપાસ પ્રતિવાદી નં.(1 થી 7) તર્ફે વિ.વ.શ્રીની મૌખિક વિનંતીથી દાવાનાં રેકર્ડનો અભ્યાસ કરવા હેતુ ન્યાયનાં હિતમાં મુલત્વી.

સાહેદને જુબાની વાંચી સમજાવતા સાહેદ જુબાની સ્વિકારે છે.

તારીખ–18/12/2024 મારી રૂબરૂ

અધિક સિવિલ જજ<br>દાહોદ

અધિક સિવિલ જજ<br>દાહોદ

**સોગંદ આપ્યા**

વધુ ઉલટ–તપાસ પ્રતિવાદી નં. 1 થી 7 તર્ફે વિ.વ.શ્રી ટી.કે.શર્મા દ્વારા ભારતીય સાક્ષ્ય અધિનિયમ,2023ની કલમ–143/2 મુજબ

એ વાત ખરી છે કે મેં આંક–37થી જે ઇન્કમટેક્ષ લગત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે તેમા દર્શાવેલ વિગતો સાચી છે. એ વાત ખરી છે કે નિ–37/1થી એસેસમેન્ટ યર 2016–17નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારા એસેટ્સ નીલ (ઝીરો) દર્શાવેલ છે અને મારી કુલ આવક રૂ.2,58,000/– દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/2થી એસેસમેન્ટ યર 2017–18નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.2,97,877/– દર્શાવેલ છે અને તેમાં હું ગુરુદેવ પ્રો.સ્ટોરનાં પ્રોપરાઇટર તરીકે કામ કરતો હોવાનું દર્શાવેલ છે. એ વાત ખરી છે કે એસેસમેન્ટ યર 2017–18માં મારે જણાવેલ સ્ત્રોત સિવાય આવકનો બીજો કોઇ સ્ત્રોત હોવાનું જણાવ્યુ નથી. એ વાત ખરી છે કે નિ–37/3થી એસેસમેન્ટ યર 2018–19નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.3,61,220/– દર્શાવેલ છે અને તેમાં મારી જય ગુરુદેવ પેટ્રોલિયમનાં કર્મચારી તરીકે વાર્ષિક રૂ.1,79,000/– પગાર દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજ મુજબ હું તે વર્ષમાં જય ગુરુદેવ પેટ્રોલિયમમાં કર્મચારી તરીકે કામ કરતો હતો તેવુ દર્શાવેલ છે. મારા કહેવા મુજબ હું જય ગુરુદેવ પેટ્રોલિયમમાં હું પાર્ટનર હતો અને આઇ.ઓ.સી.એલ. કંપનીમાં જ્યારે એપ્લાય કરવાનુ હતુ ત્યારે તેમાં પ્રોપરાઇટરશીપ દર્શાવી હતી. એ વાત ખરી છે કે મારી કહેવાતી ભાગીદારી પહેલા જ આ આઇ.ઓ.સી.એલ. કંપનીએ સદર પેટ્રોલપંપ સીંગલ પ્રોપરાઇટશીપ તરીકે ચેતનાબેન પીથાભાઇ બિલવાળને એલોટ કરેલુ. એ વાત ખરી છે કે એસેસમેન્ટ યર 2018–19માં મારી ખેતીની આવક અને પગારની આવક સિવાય આવકનો બીજો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/4થી એસેસમેન્ટ યર 2019–20નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.3,33,382/– દર્શાવેલ છે અને તેમાં પણ મારી ખેતીની આવક અને પ્રો. સ્ટોરનાં પ્રોપરાઇટર સિવાય બીજી કોઇ આવક નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આ જ એસેસમેન્ટ યરમાં મારી પાસે કેશ ઓન હેન્ડ રૂ.24,845/– હોવાનું દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/5થી એસેસમેન્ટ યર 2020–21નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.3,53,790/– દર્શાવેલ છે અને તે વર્ષમાં પણ મારી પ્રો.સ્ટોર સિવાય આવકનો બીજો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આ એસેસમેન્ટ યરમાં મારી પાસે કેશ ઓન હેન્ડ રૂ.25,840/– હતા તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/6થી એસેસમેન્ટ યર 2021–22નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.2,48,050/– દર્શાવેલ છે અને તે વર્ષમાં હું શ્રી મહાકાળી ફેબ્રીકેશન એન્ડ એન્જીનીયર્સનાં પ્રોપરાઇટર હોવાનું દર્શાવેલ છે અને તે સિવાય આવકનો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/7થી એસેસમેન્ટ યર 2022–

23નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.4,65,040/– દર્શાવેલ છે અને તે વર્ષમાં હું શ્રી મહાકાળી ફેબ્રીકેશન એન્ડ એન્જીનીયર્સનાં પ્રોપરાઇટર હોવાનું દર્શાવેલ છે અને તે સિવાય આવકનો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/8થી એસેસમેન્ટ યર 2023–24નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.4,72,340/– દર્શાવેલ છે અને તે વર્ષમાં હું શ્રી મહાકાળી ફેબ્રીકેશન એન્ડ એન્જીનીયર્સનાં પ્રોપરાઇટર હોવાનું દર્શાવેલ છે અને તે સિવાય આવકનો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નિ–37/9થી એસેસમેન્ટ યર 2024–25નું જે રીટર્ન ફાઇલ કર્યુ તેમાં મારી કુલ આવક રૂ.4,81,340/– દર્શાવેલ છે અને તે વર્ષમાં હું શ્રી મહાકાળી ફેબ્રીકેશન એન્ડ એન્જીનીયર્સનાં પ્રોપરાઇટર તથા કનક પેટ્રોલિયમ, ભરૂચનાં કર્મચારી તરીકે આવક મેળવી હોવાનું દર્શાવેલ છે અને તે સિવાય આવકનો કોઇ સ્ત્રોત નથી તેવુ દર્શાવેલ છે.

મારો માસિક ઘરખર્ચ અંદાજીત રૂ.10–15,000/– જેટલો છે. એ વાત ખરી છે કે હું જ્યારે જય ગુરુદેવ પેટ્રોલિયમમાં કર્મચારી તરીકે કામ કરતો હતો ત્યારે વહીવટી કામોમાં ડોક્યુમેન્ટ્સ તૈયાર કરવા, મંગાવવા, મોકલવા, તેમાં સહીઓ કરવી, ચેતનાબેનની સહીઓ કરાવડાવવી વિગેરે કામો કરતો હતો. એ વાત ખરી છે કે જે તે સમયે મારે અને ચેતનાબેન લોકો વચ્ચે ખૂબ સારા સંબંધો હતા. એ વાત ખરી છે કે ચેતનાબેન મારા ઉપર વિશ્વાસ પણ કરતા હતા. એ વાત ખરી નથી કે અમારે પેટ્રોલિયમને લગતા ઘણા પેપર્સ ઘણી વખત તાત્કાલિક મોકલવાનાં થતા હોય અને ચેતનાબેન તે સમયે મારા ઉપર વિશ્વાસ રાખતા હોય તાત્કાલિક સહીઓ કરી આપતા હતા. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે કંપની કોઇ પત્ર મોકલે તો તેનો જવાબ કરાવી તેના ઉપર ફક્ત સહી જ કરાવવાની થતી હતી. એ વાત ખરી નથી કે સને–2018માં સદર પેટ્રોલપંપ ટ્રાન્સફર કરવાના દસ્તાવેજો ઉપર ચેતનાબેન પાસે બધા કાગળો ભેગી તેમને વિગતો દર્શાવ્યા, સમજાવ્યા વગર વિશ્વાસમાં લઇ ખોટી રીતે સહીઓ મેળવી લીધેલી. એ વાત ખરી છે કે તે સમયે હું ચેતનાબેનને સુરત ખાતે આઇ.ઓ.સી.એલ. કંપનીમાં મીટીંગ છે તેવુ કહી લઇ ગયો હતો. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે બધાની સાથે લઇ ગયો હતો. એ વાત ખરી છે કે તે સમયે ચેતનાબેનને કંપનીના અધિકારીઓ દ્વારા નામ ટ્રાન્સફર કરવાના દસ્તાવેજો ઉપર સહી બાબતે પુછતા તેઓએ અસહમતિ દર્શાવી હતી. એ વાત ખરી નથી કે ચેતનાબેને તે સમયે તે અધિકારીઓને એવુ કહ્યુ હતુ કે તેણીને આ બાબતે કંઇ ખબર નથી. એ વાત ખરી નથી કે ચેતનાબેન ત્યા તેવુ જણાવેલ કે મીટીંગમાં જવાનુ છે કહી ખોટી રીતે અહીં લાવવામાં આવેલ છે અને તેમણે આવી રીતે નામ ટ્રાન્સફર કરવા બાબતે કોઇ દસ્તાવેજો ઉપર સહી કરેલ નથી પરંતુ સદર સહીઓ તેમની પાસેથી ખોટી રીતે લેવામાં આવેલ છે અને આ પેટ્રોલપંપ ટ્રાન્સફર કરવાની બાબત મીટીંગમાં પ્રથમવખત તેમનાં ધ્યાને આવેલ હોવાનું જણાવેલુ. એ વાત ખરી નથી કે ત્યારબાદ ચેતનાબેને મારા વિરુધ્ધ દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ અને તે અરજીમાં ચેતનાબેનને વિશ્વાસમાં લઇ તેમની જાણ બહાર આઇ.ઓ.સી.એલ. કંપનીમાં વાદીનાં નામે 100% પેટ્રોલપંપ કરાવવા માટે દરખાસ્ત રજૂ કરી

હતી અને ખોટી રીતે તેમને સુરત ડિવીઝનમાં ત્રિમાસિક મીટીંગ છે તેવુ જણાવી પેટ્રોલપંપ તમારા નામે 100% કરવા માટે ચેતનાબેનને લઇ ગયા હતા પરંતુ કંપનીના ડી.એમ. સાહેબે ચેતનાબેનને તેમની રાજીખુશીથી સહી કરી છે તેવુ પુછતા તેણીને આ તમામ બાબતની જાણ થયેલી અને તેણી સાથે છેતરપીંડી થઇ છે તેવુ જાણવા મળેલુ અને તે મીટીંગમાં ડી.એમ. સાહેબે મને ઠપકો આપી વિડીયોકોન્ફરન્સ બંધ કરેલી. એ વાત ખરી નથી કે તે અરજીમાં પેટ્રોલપંપ પર કામગીરી કરતી વખતે મેં હિસાબકિતાબમાં ગોટાળા કર્યા હોય અને ચેતનાબેનની જાણ બહાર લોકો પાસેથી પૈસા લીધા હતા તે બાબતની હકીકત પણ જણાવેલી. એ વાત ખરી છે કે અમારા ગોધરા ખાતેના સેલ્સ ઓફિસરે અમને મીટીંગ કરવા બોલાવ્યા હતા. એ વાત ખરી નથી  કે તે મીટીંગમાં મેં “મારે કશુ નથી, હું હાથ ઉંચા કરીને જઇ રહ્યો છું” તેવુ બોલીને મીટીંગમાંથી જતો રહ્યો હતો. મેં કોર્ટમાં જે દસ્તાવેજો રજૂ કર્યા છે તે તમામ વાંચેલ છે. એ વાત ખરી છે કે મેં રજૂ કરેલ તમામ દસ્તાવેજોમાં મારે લેણી નીકળતી રકમ જુદી જુદી દર્શાવી છે. એ વાત ખરી છે કે મેં મારી દાવાઅરજી, પુરાવાનાં સોગંદનામા કે રજૂ કરેલ દસ્તાવેજોમાં કઇ તારીખે કેટલા રૂપિયા આપ્યા તેની કોઇ વિગતો દર્શાવી નથી. એ વાત ખરી છે કે મેં જે છેલ્લા 09 વર્ષોનાં ઇન્કમટેક્ષ રીટર્ન રજૂ કર્યા તે મુજબ મારી વાર્ષિક સરેરાશ આવક રૂ.3,63,448/– જેટલી થાય છે.

<u>**સવાલ**</u> – જો તમારી વાર્ષિક સરેરાશ આવક રૂ.3,63,448/– જેટલી હોય તો તમે તમારી દાવાઅરજીમાં જણાવેલ રકમ ઇન્વેસ્ટ ન કરી શકો?

<u>**જવાબ**</u> – મેં આ રકમ ટુકડે ટુકડે જમા કરી છે, એકસાથે નહીં.

એ વાત ખરી છે કે ચેતનાબેને મને વકિલશ્રી મારફતે નોટીસ પણ આપી હતી અને તેમાં ઉપર જણાવેલ પોલીસ રૂબરૂની ફરીયાદમાં જણાવેલ વિગતો ઉપરાંત મેં જય ગુરુદેવ પેટ્રોલપંપ પર ચેતનાબેનની જાણ બહાર બજાજ ફાઇનાન્સ લીમીટેડ કંપની પાસેથી રૂ.25,00,000/– ની લોન લીધેલ હોવાનું જણાવ્યુ હતુ. એ વાત ખરી છે કે આ નોટીસમાં ચેતનાબેને એવુ પણ જણાવેલુ કે તેમના બેંક ઓફ બરોડા, ગોદી રોડ, દાહોદ શાખાનાં તેમજ બીજી અન્ય બેંકના કોરા ચેક્સમાં મેં સહીઓ કરાવીને તેમની જાણ બહાર વ્યવહારો કરેલા.

રાહુલભાઇ સંગાડા મારો ભત્રીજો છે. તેમનુ પુરુ નામ રાહુલભાઇ રાજુભાઇ સંગાડા છે. તેઓ હાલ રાજકોટ રહે છે અને તેમનું વતન કાળીગામ છે. તેઓ રાજકોટમાં શું કરે છે તે ખબર નથી. મને નિ–3/3 અને નિ–3/5થી રજૂ એગ્રીમેન્ટ ફોર ડીલર કંટ્રોલ્ડ આઉટલેટસવાળો દસ્તાવેજ અને ભાડા પટ્ટાનો કરારવાળા દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છું કે તેમાં ચેતનાબેને જે સહી કરી છે તેવી સહી મારી સાથે તેમણે બીજા જે કોઇ દસ્તાવેજો કર્યા તેમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે ચેતનાબેને મારી સાથે કોઇ પણ પ્રકારનો કરાર કર્યો નથી કે તેવા કરારમાં તેણીએ કોઇપણ જગ્યાએ તેણીની સહીઓ કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઇપણ કરાર નોટરી કરાવ્યો હોય તો ત્યા પણ ચેતનાબેન જાતે આવ્યા નથી

કે તેની કોઇપણ કાર્યવાહીમાં તેણીએ ભાગ લીધો નથી કે સહીઓ કરી નથી. એ વાત ખરી નથી કે હું ચેતનાબેન સાથેનાં મારા કોઇપણ કરારો પર આધાર રાખતો હોય તો તેમાં ચેતનાબેને સહી કરેલ નથી પરંતુ મેં કે મારા ભત્રીજા રાહુલભાઇએ તેમની ખોટી સહીઓ કરેલ છે. એ વાત ખરી નથી કે આ પ્રકારનાં દસ્તાવેજો નોટરી કરતા વખતે નોટરીના રજીસ્ટરમાં પણ અમે લોકોએ જ ચેતનાબેનની ખોટી સહીઓ કરેલી. એ વાત ખરી છે કે આવા કોઇ અસલ કરારો મારી પાસે ઉપલબ્ધ ન હોવાથી મેં રજૂ કરેલ નથી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે આ દસ્તાવેજો તકરારી પેટ્રોલપંપ પર જ છે. એ વાત ખરી નથી કે આવા કોઇ કરારો થયા જ ન હોય મેં રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં કોઇપણ જગ્યાએ કોઇ રોકાણ કર્યુ હોય તો તેવી કોઇ વિગત મારા ઇન્કમટેક્ષ રીટર્નમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં સદર દાવામાં રૂ.1,40,94,385/-ની માંગણી કરતી દાદ માંગેલ છે. એ વાત ખરી છે કે મેં આ રકમ મુજબનો મારી દાવાઅરજીનો આંક બાંધેલ નથી કે તે મુજબની કોર્ટ ફી પણ ભરેલ નથી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે તેમણે આ રકમની કોર્ટ પાસેથી માંગણી કરી નથી, પોતાની ભાગીદારી માંગેલ છે. એ વાત ખરી છે કે મારી દાવાઅરજીમાં મેં જો આ રકમ રૂ.1,40,94,385/-ની દાદ માંગી હોય તો તે વિગત મેં લખાવી નથી. એ વાત ખરી છે કે આઇ.ઓ.સી.એલ. એ ભારત સરકારનું એકમ છે.

**સવાલ** – તમે આ દાવામાં સરકારને પક્ષકાર તરીકે જોડેલ નથી ?

**જવાબ** – મેં આઇ.ઓ.સી.એલ. કંપનીને જોડેલ છે. એ વાત ખરી છે કે મેં ભારત સરકારને પક્ષકાર બનાવેલ નથી.

એ વાત ખરી નથી કે મેં મારી દાવાઅરજી અને પુરાવાના સોગંદનામામાં ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો દર્શાવી હાલનો આ ખોટો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ કરેલ છે. એ વાત ખરી નથી કે સદર કોર્ટને આ દાવો ચલાવવાની સત્તા ન હોવા છતા અમોએ પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા ખોટી રીતે હાલનો આ દાવો કરેલ છે.

ઉલટતપાસ પુરી

સાહેદને જુબાની વાંચી સમજાવતા સાહેદ જુબાની સ્વિકારે છે.

તારીખ-05/02/2025 મારી રૂબરૂ

અધિક સિવિલ જજ
દાહોદ

અધિક સિવિલ જજ
દાહોદ